Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 4 Issue 2 December 2018 ISSN 2349-5634(Print) ISSN 2455-0973(Online)
© Indian Association of Contemporary Research and Publication

# ધોરણ-9 ના સંસ્કૃત વિષયમાં પસંદિત એકમો માટે પ્રશ્નસંચયિકાની રચના

# Construction of Question bank for the selected units of Sanskrit Subject for standard - 9

**જતિનકુમાર કે. સોલકી***
**શિક્ષણશાસ્ત્ર ભવન**
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**Abstract .** પસ્તુત અભ્યાસમા માધ્યમિક શાળાના ધોરણ–9 ના વિદ્યાર્થીઓ માટે પ્રશ્નસચયિકાની રચના કરવામા આવેલ હતી. જેમા સસ્કૃત વિષયના પસદિત એકમો લેવામા આવેલ હતા. કુલ 10 એકમો પર બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નોની રચના કરવામા આવેલ હતી. રચાયેલા પ્રશ્નોનુ સરળતામૂલ્ય, તારવણીમૂલ્ય અને વિકર્ષકોની અસરકારકતા ચકાસવામા આવી હતી.

**Keyword:** મૂલ્યાકન, પ્રશ્નસચયિકા, માધ્યમિક વિભાગ.

**પ્રસ્તાવના**

બદલાતા સમય સાથે માનવીએ સતત પ્રયત્નશીલ રહેવુ પડે છે. સામાજિક આકાક્ષાઓ મુજબ શિક્ષણમા સતત ફેરફારો કરવા પડે છે. જેની સાથે જોડાયેલ મૂલ્યાકનમા પણ સતર્કતા લાવવી પડે છે. મૌખિક કસોટીઓ કે તાસ કસોટીઓ વડે મૂલ્યાકનની પ્રક્રિયા સતત ચાલુ હોય છે. મૂલ્યાકન બે રીતે કરી શકાય: (1) પૂર્વ તપાસ વડે અને (2) સાવધિક મૂલ્યાકન વડે. પૂર્વ તપાસ એ પૂર્વજ્ઞાનની ચકાસણી કરવા માટેની પદ્ધતિ છે, જ્યારે સાવધિક મૂલ્યાકનના બે પ્રકાર પડે છે.

1. ઔપચારિક મૂલ્યાકન અને
2. અનૌપચારિક મૂલ્યાકન.

અનૌપચારિક મૂલ્યાકનમા વિદ્યાર્થીઓના રસ, વલણ, ગુણ, શોખ, માનસિક અને શારીરિક સ્થિતિનો અભ્યાસ કરવામા આવ છે. જ્યારે અનૌપચારિક મૂલ્યાકનમા લેખિત કસોટી, મૌખિક કસોટી તેમજ ક્રિયાત્મક કસોટીઓનો સમાવેશ થાય છે. વર્તમાન સ્થિતિ મુજબ મૂલ્યાકન અનાત્મલક્ષી અને હેતુલક્ષી બને તે જરૂરી છે. આથી પ્રશ્નપત્ર વર્ગના તમામ વિદ્યાર્થીઓને સાકળી હેતુઓ, વિષયવસ્તુ અને પ્રશ્નપ્રકારને ધ્યાનમા રાખી તૈયાર કરવા જોઈએ. તેથી આવા પ્રશ્નપત્ર માટે તૈયાર પ્રશ્નસચયિકા મળી રહે તો મૂલ્યાકનને વેગ મળે. જેથી તૈયાર પ્રશ્નસચયિકામાથી જરૂરિયાત અનુસાર પ્રશ્નપત્ર બનાવવામા સરળતા રહે. આવી કસોટીઓ વડે તટસ્થ મૂલ્યાકન કરી શકાય છે. આથી આ અભ્યાસમા માધ્યમિક વિભાગના ધોરણ–9 માટે પસદિત એકમો પર પ્રશ્નસચયિકા બનાવવાનો અભ્યાસકનો હેતુ હતો.

***Author:** Jatin Solanki,(M.A., M.Ed., NET, LLB, PGDCA), Dept. of Education, Saurashtra University, Rajkot